# કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો.

૧૫–૧.વિવિધ પ્રવૃતિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો આપો.

૧. આ શાખામાં સરકારી જમીન વિવિધ હેતુઓ માટે જયારે માંગણી કરવામાં આવે છે.ભ્મારે નીચે મુજબની કાર્યપધ્ધતિ નકકી કરવામાં આવે છે.તેની વિગત

## ભાગ–૧

| અ.નં. | જમીનનો હેતુ | તે અંગેની થતી કાર્યવાહીની વિગત |
|---|---|---|
| ૧. | ઔદ્યોગિક | ૧.નિયત નમુનાની અરજી સાથે માંગણી કરેલ જમીનના ગા.ન.નં.૭/૧૨,૮–અ,૬ નંબર, લે.આઉટ પ્લાન સાથે અરજી. સ્વીકારવામાં આવે છે. |
| ૨. | વાણીજય | ૨. આ અરજી સબંધિત કચેરીઓને તપાસ અહેવાલ અભિપ્રાય માટે મોકલવામાં આવે છે. |
| ૩. | રહેણાંક | ૩. સબંધિત કચેરીના સકારાત્મક અભિપ્રાય હોય તો આવી અરજીને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવે છે.અને જમીનની કિંમત નકકી કરાવવા મામ.શ્રીને કેસ મોકલવામાં આવે છે. |
| ૪. | સહકારી મંડળીને ગોડાઉન | ૪. મામ.શ્રી તરફથી કિંમત નકકી થઈ આવ્યા બાદ અરજદારને કિંમત ભરવાની જાણ કરવામાં આવે છે.અને અરજદાર તરફથી રકમ ભર્યાનું ચલણ રજુ થયેથી આ અંગેનો જમીન મંજુર કર્યાનો હુકમ કરવામાં આવે છે. |
| ૫. | બોર્ડ નિગમને જમીન આપવા અંગે. | |
| ૬. | ભારત સરકારના ખાતાઓને જમીન આપવા અંગે. | |

## ભાગ–૨

| અ.નં. | જમીનનો હેતુ | તે અંગેની થતી કાર્યવાહીની વિગત |
|---|---|---|
| ૧. | રાજય સરકારના અન્ય ખાતાઓને જમીન ફાળવવા બાબત. | ૧. આવી જમીન અંગે સાદી અરજીથી માંગણી કરવામાં આવે છે.<br>૨. માંગણીવાળી જમીનના ગા.ન.નં.૭/૧૨, |

| | | |
|---|---|---|
| | | ૮–અ,નકશા જોડવામાં આવે છે.<br>૩. મામ.શ્રી,ના.કલે.શ્રી,ને તપાસ અહેવાલ માટે મોકલવામાં આવે છે.<br>૪. મુદ્દા નં.૩ ની વિગતે સકારાત્મક અભિપ્રાય આવ્યેથી વહીવટી હુકમ–૩ નીચે તબદિલ કરવામાં આવે છે.<br>૫. આવી તબદિલ થયેલ જમીનની કોઈ કિંમત વસુલ લેવામાં આવતી નથી. |
| ૨. | મ.માફીથી જમીન આપવા અંગે. | આવી જમીનનો શાળા કોલેજ દવાખાના વિ.માટે મ.માફીથી જમીન ફાળવવામાં આવે છે. |
| ૩. | મોટા ક્ષેત્રફળવાળા સ.નં.આધુનિક ટેકનોલોજીથી ખેતી કરવા તેમજ ઉદ્યોગો સ્થાપવા માટે જમીન ફાળવવા અંગે. | ઓછામાં ઓછી ૫૦૦ એકર જમીનની માંગણી અરજદારે સાદી અરજીથી જમીનના ગા.ન.નં.૭/૧૨,૮–અ,નકશાની નકલ સાથે રજુ થયેથી આ અંગે તપાસ અહેવાલ મામ.શ્રી, ના.કલે.શ્રીના મેળવવામાં આવે છે.ત્યારબાદ જિલ્લા કક્ષાની સમિતિમાં આ કેસ મુકવામાં આવે છે.જિલ્લા કક્ષાની સમિતિમાં આ કેસની ચકાસણી કરવામાં આવે છે.ત્યારબાદ જિલ્લા કક્ષાની સમિતિમાં અહેવાલને રાજય કક્ષાની સમિતિમાં મુકવામાં આવે છે.જયાં આ અરજી અંગે અંતિમ નિર્ણય કરવામાં આવે છે.(આ અંગેની ઝેરોક્ષ નકલ રજુ છે.) |